# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

ઓક્ટોબર- ૨૦૨૫
વર્ષ : ૨૨ અંક : ૧૦
વાર્ષિક :₹ ૫૦/-

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥



**અનાદિ મહામુક્તરાજશ્રી અબજીબાપા સ્મૃતિ શતાબ્દી**

100 સંવત ૧૯૮૪-૨૦૮૪ વર્ષ-2028

સંવત ૨૦૮૪ વૈશાખ સુદ ૭ થી વૈશાખ સુદ ૧૫
તા.૧-૫-૨૮ સોમવાર થી ૮-૫-૨૦૨૮ સોમવાર

શ્રી અબજીબાપાની છતેડી
• બળદિયા, ભુજ-કચ્છ •

## દિવાળી તથા નવા વર્ષની સર્વે હરિભક્તોને આશિર્વાદ સહ શુભ કામના


**પ્રારંભ**
સં.૨૦૮૨,
કારતક સુદ-૭,
તા. ૨૯-૧૦-૨૦૨૫
બુધવાર, **સવારે** : ૦૮:૩૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥
તીર્થધામ શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા (ભુજ-કચ્છ) આયોજિત
**૧૮૧ માં બાપાશ્રી પ્રાગટ્યોત્સવ ઉપલક્ષ્યે**
અનાદિમુક્ત સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત

## 'પુરુષોત્તમ પ્રકાશ' પંચામૃત પંચાહ્ન પારાયણ

વક્તાશ્રીઃ સ.ગુ. શાસ્ત્રી શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી
ગુરુ સ.ગુ. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી

**પૂર્ણાહુતિ**
સં.૨૦૮૨,
કારતક સુદ-૧૧
તા. ૦૨-૧૧-૨૦૨૫
રવિવાર, **સાંજે** : ૦૬:૦૦



## જ્ઞાન-ધ્યાન-ઉપાસના શિબિર

કારતક સુદ-૪, તા. ૨૬-૧૦-૨૦૨૫, રવિવાર, સવારે ૮:૩૦ કલાકથી
કારતક સુદ-૬, તા. ૨૮-૧૦-૨૦૨૫, મંગળવાર, સાંજે ૬:૦૦ કલાક

પ્રાગટ્યોત્સવ શિબિરના કાયમી સહયજમાન
શ્રી કનુભાઈ રામાભાઈ પટેલ સહપરિવાર - ઝુંડાલ



## પારાયણ કાર્યક્રમ

કથા સમય : સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ અને સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે

**પોથીયાત્રા**
કારતક સુદ-૭, તા. ૨૯-૧૦-૨૦૨૫, બુધવાર, સવારે ૭:૩૦ કલાકે

**છાબ**
કારતક સુદ-૮, તા. ૩૦-૧૦-૨૦૨૫, ગુરૂવાર, સવારે ૭:૩૦ કલાકે

**બાપાશ્રીની વાતોની સમૂહ પારાયણ**
કારતક સુદ-૯, તા. ૩૧-૧૦-૨૦૨૫, શુક્રવાર, સવારે ૬:૩૦ કલાકે

**ઠાકરથાળી**
કારતક સુદ-૧૦, તા. ૦૧-૧૧-૨૦૨૫, શનિવાર, રાત્રે ૮:૩૦ કલાકે

**બાપાશ્રી પ્રાગટ્ય દિન**
કારતક સુદ-૧૧, તા. ૦૨-૧૧-૨૦૨૫, રવિવાર,
અભિષેક/મહાપૂજા : સવારે ૬:૪૫ થી ૮:૩૦ કલાકે,
પ્રાગટ્યોત્સવ :રાત્રે ૮:૦૦ કલાકે,
પ્રાગટ્યોત્સવ આરતી રાત્રે ૯:૧૦ કલાકે

### પારાયણના મુખ્ય યજમાન

મૂ.નિ. રામુબેન ભવાનભાઈ રૂપાણી તથા મૂ.નિ. ભવાનભાઈ ઝવેરભાઈ રૂપાણી, હસ્તે શ્રી કાનજીભાઈ ભવાનભાઈ રૂપાણી તથા શ્રીમતી કાન્તાબેન કાનજીભાઈ રૂપાણી, શ્રી હિરેનકુમાર કાનજીભાઈ રૂપાણી તથા શ્રીમતી બીનાબેન હિરેનકુમાર રૂપાણી, શ્રી ચિરાગકુમાર કાનજીભાઈ રૂપાણી તથા શ્રીમતી ઇશિતાબેન ચિરાગકુમાર રૂપાણી, ચિ. હીર, હેત્વી, ધ્યેય, અયાન - વલ્લભવિદ્યાનગર

### પારાયણના કાયમી સહયજમાન

મૂ.નિ. કાન્તિલાલ પોપટલાલ ઝીંઝુવાડીયા, ગં.સ્વ. રંજનબેન કાન્તિલાલ ઝીંઝુવાડીયા, પુત્ર સુશીલ તથા ડૉ. નયનભાઈ, પુત્રી કલ્પનાબેન તથા વૈશાલીબેન તથા ધર્મિષ્ઠાબેન તથા જયશ્રીબેન સહપરિવાર - USA

### પારાયણના સહયજમાન

મૂ.નિ. કાંતાબેન લાલચંદભાઈ ગાંધી, મૂ.નિ. લાલચંદભાઈ ગાંધી, મૂ.નિ. પન્નાબેન ગાંધી
હસ્તે ભાવનાબેન ગોપાલભાઈ ગાંધી, સુરેશ લાલચંદભાઈ ગાંધી સહપરિવાર - ધ્રાંગધ્રા

### અભિષેકના કાયમી સહયજમાન

શ્રી પ્રણવભાઈ ધીરેન્દ્રભાઈ દોશી - અમદાવાદ






# જળજીલણી ઉત્સવ - છતેડીધામ











RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ




ઓકટોબર : ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૧૦

### દિવ્ય પ્રેરણા

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી




### તંત્રી

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

### પ્રકાશક

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)

મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪

E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

### લવાજમ

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

### પ્રકાશન તારીખ

દર માસની ૧૧ તારીખે

### પ્રિન્ટીંગ

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com




### અનુક્રમ


| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| આધ્યાત્મિક જ્ઞાન | ૧૦ |
| શ્રીજીમહારાજની રૂચિ... | ૧૨ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૪ |
| કેળવણી | ૧૬ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

સદ્. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ

ગતાંકથી ચાલુ...

## દોઢ વર્ષ રામાનંદ સ્વામીએ વર્ણીને સાથે રાખ્યા અને જેતપુરે ધર્મધુરા સોંપી ફણેણી અંતર્ધાન થયા.

• રામાનંદ સ્વામી નીલકંઠને સાથે રાખી પીપલાણા, આખા, અગત્રાઈ કાલવાણીમાં વસંત પચંમીનો ઉત્સવ કરી માંગરોળ, લોજ, માણાવદરમાં હુતાશની કરી મેઘપુર રંગપંચમી કરી. ભાડેર, ધોરાજી રામનવમી કરી ફણેણી આવ્યા. ત્યાં એક માસ રહી જેતપુર, સાંકળી થઈ ભાડેર ભીમ એકાદશી (જેઠ સુદ-૧૧ સં.૧૮૫૭) મેઘપુર નિયમ એકાદશી (સં.૧૮૫૮, અષાઢ સુદ ૧૧) કરી ફરીથી ધોરાજી, ફણેણી, સાંકળી, જેતપુર, પીપલાણા, અગત્રાઈ, કાલવાણી આવી માંગરોળમાં જન્માષ્ટમીનો સમૈયો (સં ૧૮૫૮, શ્રાવણ વદ ૮) કર્યો. ત્યાં જ જળઝીલણી, દશેરા, શરદ પૂનમ ઉત્સવો કર્યા અને અન્નકોટ ઉત્સવ લોજ આવી કર્યો. ત્યારે રામાનંદ સ્વામી કહે આ અમારો છેલ્લો ઉત્સવ છે. ફરી અવાય કે ન અવાય. પર્વતભાઈ આ વાત સમજી ગયા પણ બીજા હરિભક્તો આ મર્મ ન સમજ્યા, પણ પર્વતભાઈ કોઈને કહેતા નહિ. ત્યાંથી પંચાળા થઈ માણાવદર પીપલાણા આવ્યા. ત્યાંથી મેઘપુર, ભાડેર, ધોરાજી થઈને જેતપુર આવ્યા. આમ દોઢ વર્ષ વીતી ગયું. જ્યાં જ્યાં રામાનંદ સ્વામી જતા, ત્યાં ત્યાં સહજાનંદ સ્વામીનો મહિમા મુક્તમુનિ તથા સંતો-હરિભક્તોને કહેતા. તેમનું મન પણ સહજાનંદ સ્વામી વિના ક્યાંય ટકતું નહિ. મુક્તમુનિને કહેતા જે એમની અલૌકિક રીત શીખજો અને તેઓ કેમ કરે છે તે રાત દિવસ જોવું. નાની ઉંમરમાં પણ કેવો અભ્યાસ કરે છે! મોક્ષની રીતો તેમને પૂછતા રહેવું. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન તેમજ સાંખ્ય અને યોગ સંબંધી વાત તેમના જેવી કહેતા કોઈને આવડતી નથી. આમ જેતપુરમાં ઉન્નડના ઘરે રહી રામાનંદ સ્વામી નિત્ય ભદ્રાવતિ (ભાદર)માં સ્નાન કરવા જતા અને કથા-વાર્તા કરતા. એક દિવસ રામાનંદ સ્વામીએ રામદાસજી તથા મુક્તમુનિ વગેરે સંતો તથા મયારામ ભટ્ટ અને પર્વતભાઈ વગેરે હરિભક્તોને બોલાવી કહ્યું કે મારા દેહનો નિર્ધાર નથી માટે તમો કહો તેમ કરીએ ત્યારે સંત-હરિભક્તો બોલ્યા જે તમારા હાથની વાત છે, તમારી રીત ન્યારી છે. માટે તમે કહો તેમ કરીએ. ત્યારે સ્વામીએ સહજાનંદ સ્વામીને બોલાવીને પોતાની ગાદીએ બેસાડ્યા. પ્રથમ પોતે તેમની પૂજા કરી અને પછી સંત-હરિભક્તોએ પૂજા કરી. એમ સવંત ૧૮૫૮ કાર્તિક સુદ-૧૧ને દિવસે



ધ્યાને કરીને મૂર્તિ સિદ્ધ કરી હોય તેને પણ મોટા મુક્તનો જોગ જોઈએ, કેમ જે ભોમિયા તો એ છે.

ગાદીએ બેસાડી ધર્મધુરા સોપી અને કહ્યું કે ધર્મ રાખાવજો અને ધર્મ રખાવવા માટે તમારે સ્ત્રીઓ સાથે બોલવું અને ધનની ભેટ આવે તો બ્રાહ્મણને જમાડવા અને હરિમંદિર કરાવવા. એવી આજ્ઞા કરી જે શ્રીહરિએ માથે ચઢાવી. સ્વામીએ હરિભક્તોને પણ સહજાનંદ સ્વામીની આજ્ઞામાં રહેવું અને તે કહે તેમ કરવા કહ્યું. તેમજ શ્રીહરિનો મહિમા કહ્યો, ''એ તમારા અને મારા જીવનપ્રાણ છે. અમે પણ તેની મરજી પ્રમાણે છીએ. તેમના વચનમાં રહેવું એજ યોગાભ્યાસ છે. જપ,તપ,તીર્થ,વ્રત પણ એ જ છે. કાળ, માયાદિક સૌ એમનાથી ડરે છે. અનેક જન્મના પુણ્યથી તેમની પ્રાપ્તિ થાય છે. એમને માટે યોગીઓ અનંત જન્મ ખોવે છે. આપણા ધનભાગ્ય છે કે આપણી પાસે આવીને બેઠા છે.''ત્યારબાદ જેતપુરથી ફણેણી જવા સહુ તૈયાર થયા.

- હરિભક્તોએ રથ મંગાવ્યો તેમાં રામાનંદ સ્વામી અને શ્રીહરિ બેઠા. એકાદશીએ ફણેણી આવ્યા. બારસે વિપ્રોને જમાડ્યા અને દાન અપાવ્યા. સ્વામી પદ્માસનવાળીને ધ્યાનમાં બેઠા. અને સંવત ૧૮૫૮ માગસર સુદ ૧૩ ગુરૂવારના સ્વતંત્રપણે દેહ છોડ્યો. શ્રીહરિ તથા સર્વે-હરિભક્તોના આંખમાં આંસુ હતા. આ સમાચાર સાંભળી રાજાઓ પણ જુદા જુદા દેશમાંથી પધાર્યા હતા. ગુરૂને પ્રથમ ચંદન ચર્ચી ફુલહાર પહેરાવી ફુલોથી શોભિત વિમાનમાં બેસાર્યા. ગુલાલ ઉડાડતા અને કિર્તન ગાતા ભદ્રાવતી નદી કિનારે લાવ્યા અને સહજાનંદ સ્વામીએ તેમનો અગ્નિસંસ્કાર કર્યો. સહુ સંત-હરિભક્તોને શ્રીહરિએ આસ્વાસન, અને શુભ ઉપદેશ કર્યો. સહજાનંદ સ્વામીને સિંહાસન ઉપર પધરાવી સૌ કેસર, ચંદન, પુષ્પથી પૂજન કરવા આવવા લાગ્યા. પ્રથમ મુક્તમુનિએ પૂજન કર્યું. ત્યારબાદ રામદાસભાઈ જેના નામ લેતા જાય તે પૂજન કરતા જાય. રામદાસભાઈએ વસ્ત્રાભૂષણ શ્રીહરિને પહેરાવ્યા. ત્યારે શ્રીહરિ રામદાસભાઈને કહે અમે ત્યાગી છીએ અને આવા વસ્ત્રાભૂષણ અમને કેમ પહેરાવો છો? ત્યારે રામદાસભાઈ કહે તમે નરનાટ્ય ધરીને આવેલા સાક્ષાત ભગવાન છો. આકાશની પેઠે નિર્લેપ છો, નિર્દોષ છો માટે વેષ પૂરેપૂરો ભજવો. તેરમાના દિવસે વિપ્રોને જમાડ્યા અને સ્વામિનારાયણ મંત્રની ધૂન કરાવી, મંત્રનો મહિમા કહ્યો. પછી શ્રીહરિ સહુ સંતો હરિભક્તો સાથે ધોરાજી ગયા. શ્રીહરિએ સુંદર વસ્ત્ર આભૂષણ ધર્યા હતા. હરિભક્તો જય જયકાર કરતા હતા. ધોરાજીના હરિભક્તો સામા આવ્યા. ત્યાંથી ચાલ્યા તે પૂર્વદિશામાં લાલવડ હતો ત્યાં વિશ્રામ કર્યો. ત્યાં પ્રથમ શ્રીહરિની અને પછી રામદાસભાઈ આદિ સંતોની પૂજા કરી. આનંદમુનિએ પ્રેમથી આરતી ઉતારી. શ્રીહરિએ નારાયણ ધૂન કરાવી પછી શ્રીહરિ જમ્યા અને ત્યારબાદ શ્રીહરિએ સંતોને જમાડ્યા અને સહુ હરિભક્તો પોતપોતાના મુકામે ગયા. ધોરાજીમાં વિપ્રોને જમાડ્યા અને ત્યાંથી ભાડેર પધાર્યા સહુ રાજાઓ અને મોટા-મોટા હરિભક્તો પણ સાથે જ હતા.

**ક્રમશઃ**



પરમપદ તે પરમએકાંતિકની પ્રાપ્તિ છે. અને અનાદિની તો વાત જ જુદી છે. અનાદિનું સ્વરૂપય જુદું, તેને પમાડનાર જુદા, પામનારાય જુદા. એનું સુખ પણ જુદુ ને પ્રપ્તિ પણ જુદી.

# સહજ અમૃત



★ આ ત્રણ વાના હોય એ પાકો સત્સંગી કહેવાય (૧) પોતાના ઈષ્ટદેવે જે નિયમ ધરાવ્યા હોય તે પોતાના શિર સાટે દઢ કરીને પાળે, પણ એ ધર્મનો કોઈ દિવસ ત્યાગ ન કરે. (૨) ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય તે અતિશે દઢપણે હોય. તેમાં ક્યારેય સંશય ન થાય અને (૩) ભગવાનના ભક્તનો પક્ષ જેમ કુટુંબીજનોનો પક્ષ રાખે તેમ રાખે. એવા જેના લક્ષણ હોય તે સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો. અને જે ત્યાગી હોય તે દેશ-પરદેશ જાય ને ત્યાં કનક-કામીનીનો યોગ થાય તો પણ તેમાં ફેર પડે નહિ અને પોતાના ત્યાગીના જે જે નિયમ હોય તે સર્વે દઢ કરીને રાખે તે સર્વે ત્યાગીમાં મોટેરો છે. અને ગૃહસ્થ અને ત્યાગી એ સૌને એ રીત રાખવી જે સંસાર વ્યવહારે જે મોટું માણસ કહેવાતું હોય તેનું સભામાં કોઈ રીતે અપમાન કરવું નહિ, અને જો કરે તો એમાંથી જરૂર દુઃખ થાય અને ભજન સ્મરણમાં પણ વિક્ષેપ થાય માટે આ વાર્તા સર્વે સત્સંગી ગૃહસ્થ તથા સર્વે ત્યાગી દઢ કરીને રાખજ્યો.(ગ.મ.૬૧)

★ અમે જ્યારે જ્યારે વિચારીએ છીએ ત્યારે અમારી નજરમાં એમ આવે છે જે જીવના કલ્યાણને અર્થે ત્રણ અંગ છે તે અતિ સુખદાયી છે (૧) આત્મનિષ્ઠા; જે શુકજીને પેઠે આત્મારૂપ થઈને પરમેશ્વરનું ભજન કરવું (૨) પતિવ્રતાનું અંગ; જે ગોપીઓની જેમ પતિભાવે ભગવાનનું ભજન કરવું અને (૩) દાસપણું; જે ઉદ્ધવજી અને હનુમાનજીની પેઠે દાસભાવે ભજન કરવું. એમાં જેને આત્મનિષ્ઠા અતિ દઢ હોય તેને પોતાના આત્મનાનું બ્રહ્મરૂપે દર્શન થાય છે અને તેને એમ અનુભવ થાય છે જે મારા વિષે આ પરમાત્મા તે અખંડ રહ્યા છે. આવી રીતે અખંડ સ્થિતિ રહે તે આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા છે. અને જેને પતિવ્રતાનું અંગ હોય તેનું બીજા પુરુષને, દેખીને મન રાજી ન થાય તેની તો એક ભગવાનને વિષે જ પતિભાવે કરીને વૃતિ જોડાણી છે. અને જેને દાસપણાનું અંગ હોય તે તો પોતાના ઈષ્ટદેવના રાજીપા સારુ રાત-દિવસ એમ ઈચ્છયા કરે જે મુને મારા ઈષ્ટદેવ જે આજ્ઞા કરે તે હર્ષાયમાન થઈને કરું, અને આજ્ઞાને વિશે જ પરમ આનંદ માને. માટે એ ત્રણ અંગમાંથી એક અંગ પણ દઢ હોય તો તે કૃતાર્થ થાય છે. અને જેને એ અંગ ન હોય તેને સત્સંગના નિયમમાં દઢપણે રહેવું અને હરિભક્તના દાસાનુદાસ થઈને રહેવું. તો તે પણ કૃતાર્થ થઈ જાય છે. (ગ.મ.૬૨)



# અબજ અમૃત

★ જેમ જીવ આગળ દેહ અનાત્મા કહેવાય તેમ શ્રીજીમહારાજ આગળ અક્ષર સુધી અનાત્મા કહેવાય. મૂર્તિના સુખની અને મોટાની ગતિની જીવને શું ખબર પડે ? માટે કાંઈ માગવું નહિ. માગતા માગતા અધુરું મંગાઈ જાય. માગવામાં ફળની પ્રાપ્તિ થઈ જાય, તે ફળ અક્ષરધામમાં છે જ નહિ. ત્યારે ભગવાન પાસે શું માંગવું? તો પાત્ર થવું અને પ્રસન્નતા માંગવી અને પ્રસન્ન થાય એવી ક્રિયા કરવી. દોષ ટાળવા પ્રાર્થના કરવી પણ માયિક ન માંગવું, અને મહારાજની મૂર્તિને જોવા મંડ્યા રહેવું, તો મહારાજ જાણે જે આ બિચારો મંડ્યો છે તો મહારાજ ઝેળેળાટ દર્શન આપે.(૧/૨૩૨)

★ શ્રીજી મહારાજે પ્રથમ પ્રકરણના ૩૬માં વચનામૃતમાં કહ્યું છે કે, ‘‘જેણે સંસાર મૂક્યો ને ત્યાગીનો ભેખ લીધો તેને પરમેશ્વરના સ્વરૂપ વિના જે અસત્ પદાર્થમાં પ્રીતિ રહે છે તે કંગાળ છે. માટે જે ત્યાગી હોય તેને કચરો ને કંચન એ બેય બરોબર હોય અને આ પદાર્થ સારું ને આ પદાર્થ ભૂંડું એવી તો સમજણ હોય જ નહિ અને એક ભગવાનને વિષે જ પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે’’ માટે જે સાધુ જડ-ચૈતન્ય રાખે ને દેહને સુખી રાખે તે શબ શણગારવા બરોબર છે અને દ્રવ્ય રાખે તેવા ત્યાગીને મહારાજે પાપી કહ્યો છે, માટે એ માર્ગે ચાલવું નહિ. જે ત્યાગી પૈસા રાખે અને મોટા સંત-હરિભક્તની ખોટ કાઢે તે શું સમજીને કહેતા હશે? (૧/૨૩૩)

★ પ્રથમ પ્રકરણના ૩૭માં જેવા તેવા હરિભક્ત હોય તે વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે આ ગામના રત્ના ભક્તને જમતાં-બોલતાં ન આવડે ત્યારે એમનો દિકરો માવજી લડતા જે બાપા! તમને ખાતાંય નથી આવડતું. એ માવજી માંદા થયા ત્યારે એક ફકીરે આવીને કહ્યું જે તમારો માવજી મરશે નહિં. ત્યારે તેમની ડોશી કહે જે નક્કી નહીં મરે? જો ન મરે તો લખી દે જે નહિં મરે, એમ ભગવાન સિવાય ક્યાંય પ્રતિતી નહીં. એવા હોય તે આ લોકની રીતે જેવા તેવા કહેવાય. મહારાજ કહે એવાના પગની રજ અમે માથે ચઢાવીએ છીએ. (૧/૨૩૩)

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- આપણને અત્યારે ખરો આત્યંતિક મોક્ષ પામવાનો સમય આવ્યો છે. સ્વામિનારાયણ ભગવાન ઓળખાણા. આવું મહારાજના સ્વરુપનું જ્ઞાન-ધ્યાન થયું. અત્યારે ભગવાનમાં વૃત્તિ રાખીને ભગવાનનું ધ્યાન-ભજન કરીએ, તો ઠેઠ અક્ષરધામની પ્રાપ્તિ મહારાજ કરાવે. પણ પેલો બ્રાહ્મણ સારું ખાવાનું દેખીને ખાઈ-પીને સૂઈ રહ્યો. એમ આપણે પણ અત્યારે માયાના વહેવારમાં ગૂંચાઈ પડીએ. અને ભગવાનનું ધ્યાન-ભજન બધું ભૂલી જઈએ, તે આ દેહ તો પછી પડી જાય; રહે નહીં. પછી વળી આવો મોક્ષ પામવાનો વખત પાછો ક્યારે આવે? આવો જોગ મળતાં બહુ વખત વીતી જાય. માટે આ ટાણે ચેતી જવું જોઈએ. અત્યારે મહારાજ પ્રગટ છે. સત્સંગમાં મહારાજ મોક્ષ કરે છે. જો અત્યારે ભૂલ્યા તો આપણી ભૂલ ક્યારે સુધરશે? માટે મહારાજ કહે ખટકો રાખી મહારાજની કથા-વાર્તા કરવી. દિવસે દિવસે અંગ વધારવું. વધારે વધારે પણ ઘટવું નહિ. મંદિરમાં એક વખત આવતા, એકવાર કથામાં બેસતા. તે હવે સાંજ-સવાર બેસવું, પ્રથમ માળા થોડી ફેરવતા હોય તો માળાના નિયમ રાખી વધારે ફેરવવી. એમ મહારાજનું ધ્યાન-ભજન થાય, એમ કરવું. માનસીપૂજા ન કરતા હોય તો માનસીપૂજાનો નિયમ રાખવો. એક વખત માનસીપૂજા કરતા હોય તો બે વાર માનસીપૂજા કરવી. ત્રણ વખત, પાંચ વખત તેમ પૂરી થાય એમ વધતાં-વધતાં વધાય.
- જેમ જેમ સત્સંગ કરે, એમ ભગવાનનો ને સંતનો મહિમા સમજાય. કથા વાર્તાનું અંગ થાય, કથાઓ કર્યા કરે. એમ આપણે પણ ભગવાનના માર્ગમાં દિવસે દિવસે વધવું તો આપણી વાસના ભગવાન ટાળી નાખે. આપણાથી તે ટળે એવી નથી હો. આપણે દાખડો કરવો. તો ભગવાન ભેળા ભળીને આપણું કામ કરી નાખશે. માટે ભગવાનનું બળ રાખવું ભગવાન કર્તા છે. વાસના ટાળનારા એ છે. મોક્ષ કરનારા એ છે. એ સર્વ કારણ એક ભગવાન છે. પણ એના માથે નાખીને આપણે કાંઈ કરીએ નહિ તો કામ ન કરે. આપણે જાતે પુરુષપ્રયત્ન આવડત પ્રમાણે કરવો. પુરુષપ્રયત્ન ભક્તને કરવો ને સુખ આપનાર ભગવાન છે. માટે ભગવાનની પ્રસન્નતાના સાધનો કરવાં. પણ કર્તા મહારાજને રાખવા સ્વામિનારાયણ ભગવાન કર્તા છે. સાજા થઈએ, માંદા થઈએ, વહેવારમાં અનેક પ્રકારની વિપત્તિ આવે છે. પણ મહારાજ ન ભૂલવા જોઈએ. તો મહારાજ આ લોકમાં આપણી રક્ષા કરે ને પરલોકમાં પણ રક્ષા કરે.



## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- આપણા ભાગ્યનો પાર ન કહેવાય, કેમ કે દેહ મૂક્યા પછીની પ્રાપ્તિનો નિર્ણય દેહ છતાં કરીએ છીએ અને મનાયું પણ એવું છે કે દેહ મૂકીને જેને પામવું હતું તે છતા દેહે મળ્યા છે.
- અહીં ને ત્યાં મૂર્તિ એક જ છે. મુક્તો બધા સાથે છે. આપણે એ દૃષ્ટિ રાખીએ તો મહારાજનો અભિપ્રાય સમજવામાં સુગમતા થાય.
- આપણે મહારાજ ભેળા છીએ એ સમજણ કરવી તો સદાય આનંદ વર્તે.



અનાદિમુક્તને વિષે પોતાના જીવને બાંધીને એકાત્મપણું કરે ત્યારે માયાને તરીને
શ્રી પુરૂષોત્તમરૂપ થઈને એ મૂર્તિના સુખમાં રમે તેમાં કાંઈ પણ કઠણ પડતું નથી.

### અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા



- કારણ દેહની વાસના કોણ બાળે ? તો મહારાજ કે મહારાજના મુક્ત બાળે. તપે કરીને નથી બળતી. મહારાજ અને મોટા કૃપા કરે ત્યારે બળે. તો આપણે તો મહારાજે દયા કરી બધાય વિકાર માત્ર ટાળી, ચૈતન્ય પોતા જેવો કરી પોતા ભેળો રાખ્યો છે. ત્યારે ઈ જાણપણું આપણે રાખવું. જાણપણારુપી દરવાજે રહેવું. એમાં ચોર પેસવા ન દેવા. ચોર ક્યાં? આ મારું, તારું, કામ, ક્રોધ,લોભ, મોહ, માન, ઈર્ષ્યા, કપટ, દગા બધાય ઈ ચોર છે. ભગવાનની સેવા કરતા હોય, ભક્તિ કરતા હોય, પણ એને ભાન નથી રહેતું કે હું શું કરું છું? ઈ માયા માથા ફેરવી નાંખે છે. પણ ઈ માયાને ઉડાડનારા કોણ? મહારાજને મુક્તો.
- અક્ષરધામમાં છે તે ને તે આપણને દર્શન દયે છે. પ્રતિમા રુપે..પણ એની મર્યાદામાં ખબરદાર રહેવું.
- શુભમાં, તેમજ અશુભ જે દેહની ક્રિયા કે વ્યવહાર કરતા.. તેમાં પણ ભગવાનની અખંડ સ્મૃતિ રાખવી. આ મહારાજ કરે છે. તો જ આજ્ઞા યથાર્થ પળે. અને મહારાજ વિના ખોટા ઘાટ પણ ન થાય.

### અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા



- મંદિરમાં પ્રવેશ કર્યા પછી સદ્ગુરુના સાંનિધ્યમાં રહીને એમની વાણી સાંભળવી, પણ મંદિરમાં પ્રવેશ કર્યા પછી કોઈ પણ વ્યાવહારિક વાત જો કરવામાં આવે તો એનો અર્થ એ કે આપણે ભૂલી ગયા કે આપણે ભગવાનના મંદિરમાં આવ્યા છીએ. કલાક-બે કલાક એવો નિયમ જ રાખવો જોઈએ કે મંદિરમાં પ્રવેશ કર્યા પછી ભગવાનની મૂર્તિ સિવાય કાંઈ જ યાદ આવવું જોઈએ નહિ. એવી શાંતિથી ભગવાનનું દરેક જણાએ ધ્યાન કરવું. મંદિરમાં આવીને અન્ય વ્યાવહારિક વાતો નહિ કરવી જોઈએ. પછી તે સત્સંગ વિષયક હોય તો પણ ન કરવી જોઈએ. મહાપ્રભુજીનું કિર્તન કરી શકાય, ભગવાનની કથા વાંચી શકાય, સદ્ગુરુઓની પાસે બેસીને એમની વાણી સાંભળી શકાય, ધૂન કરી શકાય, પણ સત્સંગ વિષયક કે બીજા વિષયક વાત નહિ કરવાની અને મંદિરમાંથી, મંદિરના બારણામાંથી બહાર નીકળીએ પછી વાત કરીએ તો વાંધો નહિ. આવો નિયમ રાખવો જોઈએ, તો એ મંદિરની શિસ્ત જાળવી કહેવાય. નહિતર એ વાતો કરવાનું સ્થાન થઈ જાય. અન્ય વાતો કરવાનું સ્થાન મંદિર! બીજે વખત ન મળે તો ચાલો મંદિરમાં જઈને વાતો કરીએ એવું બની જાય. મંદિરનો અર્થ એ નથી. મંદિર એટલે તો ભગવાનને રહેવાનું ધામ છે. જ્યાં ભગવાન બિરાજતા હોય, ત્યાં તો સુખ અને શાંતિ જ હોય. ત્યાં બીજી વાતો હોય નહિ. તો જ ભગવાનના સ્વરુપને વિષે સ્થિતિ થાય. મંદિર આવ્યાનું સાર્થક ગણાય. નાના બાળકોને પણ આ વાત શીખવવી જોઈએ.
- ભગવાનની મૂર્તિનો સંબંધ છે એ સર્વોપરી પ્રાપ્તિ છે. જ્યારે જ્યારે સમય મળે, ત્યારે ભગવાનની મૂર્તિમાં અખંડ જોડાવું. મૂર્તિનું ધ્યાન કરતાં વિક્ષેપ આવે એવી જગ્યાએ બેસીને ધ્યાન કરવું નહિ. નૈમિષારણ્ય ક્ષેત્ર એવા સદ્ગુરુઓના સાંનિધ્યમાં રહીને જો ધ્યાન થાય તો જલ્દી થાય.

# આધ્યાત્મિક જ્ઞાન

ગતાંકથી ચાલુ.....

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

૩૫૪ નિષ્કામ ભક્તને ભગવાન કેવા ઐશ્વર્ય-સુખ પમાડે છે ? કાળ-કર્મ-માયાથી રહિતપણું, અસંગી-નિર્વિકાર-નિર્લેપપણું, સ્વતંત્રપણું, વગેરે ઐશ્વર્ય પમાડે છે. પોતાની મૂર્તિમાં સુખ રહ્યા છે તેને પમાડે છે. (પ્ર.૪૩).

૩૫૫ ભગવાનને વિષે સ્નેહ હોય તેનું શું રૂપ છે ? ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ. જે ભક્તને પરિપૂર્ણ સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય. એવો દ્રઢ સ્નેહ (પ્રીતિ) થવાનું સાધન-સત્પુરુષનો પ્રસંગ (આશરો) એ જ છે

૩૫૬ ભક્તિનિષ્ઠા-સ્વરૂપનિષ્ઠા-આત્મનિષ્ઠા-ત્યાગનિષ્ઠા કોને કહેવાય ? ભક્તિનિષ્ઠા = થાળ ધરવા, મંદિરમાં ગાર કરવી, કથા-કીર્તન કરવા, સંતની સેવા-ચાકરી કરવી વગેરે. ।। સ્વરૂપનિષ્ઠા = ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતા થકા કથા-કીર્તન, સેવા-ચાકરી થાય તેટલી કરવી પણ વૃત્તિ રાખવામાં વિક્ષેપ થાય તે ખમી શકાય નહિ ।। આત્મનિષ્ઠા = આત્મારૂપે વર્તે, આત્માના સ્વરૂપને જ મોઢે કરીને પ્રતિપાદન કરે અને જે ગ્રંથમાં આત્માનું પ્રતિપાદન હોય તે ગ્રંથ સારા લાગે તેને. ।। ત્યાગનિષ્ઠા = પંડે ત્યાગી રહેતો હોય, ત્યાગની જ રીત ગમતી હોય. મોઢે પણ ત્યાગની જ વાત કરતો હોય, શાસ્ત્ર પણ ત્યાગના જ સારા લગતા હોય ।।। એ ચારે નિષ્ઠા એકને વિષે વર્તે ત્યારે તે સર્વથી અધિક છે, તેને પરમ ભાગવત કહીએ અને એને જ એકાંતિક ભક્ત કહીએ. (પ્ર.૪૭).

૩૫૭ કુસંગી-ચાલોચાલ-એકાંતિક કોને કહેવાય ? કુસંગી-આજ્ઞા ન પાળે તેને. ।। ચાલોચાલ - આજ્ઞા યથાર્થ પાળે પણ મૂર્તિમાં વૃત્તિ ન રહે તેને. ।। એકાંતિક-આજ્ઞા યથાર્થ પાળે ને મૂર્તિમાં વૃત્તિ રહે તેને. (પ્ર.૪૯).

૩૫૮ ભાગવત ધર્મ : ભાગવત ધર્મને જીવ આશરે તો આંખ્યું મીંચીને ચાલ્યો જાય તોપણ પડેય નહિ ને આખડેય નહિ, તે ભાગવાત ધર્મ કોને જાણવો ? મને, વચને ને દેહે કરીને ભગવાન સંબંધી શુભ ક્રિયા કરવી તે ભાગવત ધર્મ છે, પણ એ ધર્મ મુક્તના પ્રસંગથી આવે છે. શ્રીજી કહે છે કે જીવને જેવો પોતાના સંબંધીને વિષે દ્રઢ પ્રસંગ છે તેવો ને તેવો જ પ્રસંગ જો ભક્તને વિષે થાય તો તે ભગવાનના માર્ગ થકી કોઈ દિવસ પાછો પડે નહિ અને તે જ ભાગવત ધર્મ છે.

૩૫૯ ભગવાન વશ વર્તે છે એટલે શું સમજવું ? ભક્તના અંતરને વિષે સર્વ ક્રિયામાં દર્શન આપતા હોય તે વશ વર્તે છે એમ જાણવું. (પ્ર.૫૬. પ્રશ્ન-૪).

૩૬૦ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ને ભગવાનનું માહાત્મ્ય એ બે મોક્ષના અસાધારણ હેતુ છે. - મહારાજ (પ્ર.૫૭).

૩૬૧ રાંક કોને જાણવા ? રાજા કોને જાણવા ? કાળ-કર્મ-માયાને આધિન હોય તેને રાંક જાણવા અને કાળ-કર્મ- માયાને આધિન ન હોય તેને રાજા જાણવા. (પ્ર.૫૮,પ્રશ્ન-૩).

૩૬૨ ભૂંડા ને રૂડા પ્રારબ્ધ કહ્યા તે કિયા જાણવા ? પૂર્વે અતિશે ભૂંડા દેશ, કાળ, સંગ આદિકે કરીને અતિશે મલીન કર્મ થઇ ગયા હોય તે ભૂંડા પ્રારબ્ધ જાણવા. સર્વે કર્મથી ને વાસનાથી રહિત થવાય ને મોટા રાજી થાય એવી ક્રિયા કરી હોય તે રૂડા પ્રારબ્ધ જાણવા. (પ્ર.૫૮,પ્રશ્ન-૩).

૩૬૩ પ્રત્યક્ષ : પરોક્ષ :: પ્રગટ થવે કરીને પ્રત્યક્ષ અંતરધાન થયે પરોક્ષ કહેવાતા નથી. પ્રત્પક્ષ તો ઉપરીને કહે છે. જે એના નીચે હોય તેને પરોક્ષ કહે છે. જે બીજાનું ઐશ્વર્ય ઢાંકીને વર્તે તે પ્રત્યક્ષ કહેવાય અને


જોગ તો મોટા અનાદિનો કરવો પણ આધુનિકનો કરવો નહિ. આધુનિકના જોગથી અધુરૂ રહે છે.

જેનું ઐશ્વર્ય ઢંકાઈ જાય તે પરોક્ષ કહેવાય. પણ આગળ આવેલા તે પરોક્ષ ને પછીથી આવે તે પ્રત્યક્ષ એમ ન સમજવું. સર્વોપરી હોય તે જ પ્રત્યક્ષ કહેવાય ને પરતંત્ર હોય તે આગળથી આવે અથવા પાછળથી આવે પણ તે પરોક્ષ કહેવાય. શ્રીજીમહારાજ વ્યાપકાનંદસ્વામીને, અભયરાજાને તથા પર્વતભાઈને સર્વ અવતારને પોતાની મૂર્તિમાં લીન કરી દેખાડેલા, એમ અલૌકિક ઐશ્વર્ય (પ્રતાપ) જણાવીને પોતાનું સર્વોપરીપણું જણાવ્યું છે, માટે શ્રીજીમહારાજ સદા પ્રત્યક્ષ છે. ।। શ્રીજીમહારાજે સંકલ્પ કર્યો જે અમને મનુષ્ય જેવા દેખો, ત્યારે મનુષ્યરૂપે દેખાયા અને પછી સંકલ્પ કર્યો જે અમને પ્રતિમારૂપે દેખો, માટે આજ પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે. (પ્ર.૫૯,પ્રશ્ન-૧/૨).

૩૬૪ ભગવાન વશ થાય એટલે શું સમજવું ? ભક્તને ભગવાન સદાય સંભારે ને એની દ્રષ્ટિથી પળ માત્ર છેટે રહે નહિ એ વશ કહેવાય. (પ્ર.૬૧,પ્રશ્ન-૨).

૩૬૫ કેવા પ્રકારના મનુષ્ય હરિભક્ત હોય તોય તે સાથે મહારાજને બને નહિ ને તેની ઉપર હેત કરવા જાય તોપણ હેત થાય નહિ ? ચાર પ્રકારના મનુષ્ય હોય તેની સાથે. (૧) ક્રોધી (૨) ઈર્ષ્યાવાળો (૩) કપટી અને (૪) માની. વળી મહારાજ કહે છે કે કામીનો તો અમારે કોઈ વિશ્વાસ જ નથી કે એ સત્સંગી છે. કામી તો સત્સંગમાં હોય તોય વિમુખ જેવો છે. (પ્ર.૭૬).

૩૬૬ ભગવાનના કલ્યાણકારી ગુણ/સાધુના બત્રીશ લક્ષણ :: જેને ભગવાનનો આશરો હોય અને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે.

૩૬૭ રૂડા દેશ, કાળ, સંગ આદિક પ્રાપ્ત થયા હોય તો ભગવાનને વિષે તીવ્ર વેગે કરીને સ્નેહ થાય છે. જો ભૂંડાનો યોગ થાય તો ભગવાન વિના અન્યમાં પ્રીતિ થાય છે. (લો.૧૦).

૩૬૮ મૂર્તિ ત્રણેય અવસ્થામાં ક્યારે દેખાય ? પૂર્વનો બળિષ્ઠ સંસ્કાર અથવા ભય, કામ ને સ્નેહ અખંડ હોય ત્યારે અમારી મૂર્તિ ત્રણે અવસ્થામાં અખંડ દેખાય.-મહારાજ (પ્ર.૭૮).

૩૬૯ પંચવર્તમાન : સ્થૂળ :: દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું-વટલાવવું. (પ્ર.૭૮). ।। (૧) દારૂ : ત્રણ પ્રકારની સૂરા, અગિયાર પ્રકારનું મધ, ગાળ્યા વિનાનું દૂધ, ભાંગ્ય, અફીણ, તમાકુ, ગાંજો, માજમ, ચા, દાક્તરી ઔષધ, જેમાં દારૂનો સંસર્ગ હોય એવું અજાણ્યા વૈધનું ઔષધ. વગેરે ન ખાવું-પીવું. । દારૂ તુલ્ય : ભાંડ, ભવાયા, સરકસ, નાટક, તાયફા, જગતના મેળા, જૂગટું, ચોપાટ, ગંજીફો વગેરે. । (૨) માટી : માંસ, શોધ્યા વિનાનું અન્ન, ગાળ્યા વિનાનું જળ-ઘી-તેલ, લસણ, , ડુંગળી, હીંગ, ઉંબરાના ફળ, કઠોળનું ઊંધિયું, દાક્તરી કોરી ફાકી, માસના સંસર્ગવાળી વસ્તુઓ વગેરે. ।। (૩) ચોરી : કોઈની ધણીયાતી વસ્તુ, માર્ગમાં ને અરણ્યમાં પડેલી વસ્તુ, કોઈને દુઃખાવીને પરાણે તેની વસ્તુ લેવી, કોઈની થાપણ ઓળવવી, દેવનો દશાંશ-વિશાંશ ભાગ દેવને ન આપવો, સંગ્રહાખોરી વગેરે. ।। (૪) અવેરી વ્યભિચાર : પરસ્ત્રીનો સંગ, મનમાં તેને ભોગવવાનો સંકલ્પ, એકાંતમાં તેની સાથે ભાષણ કરવું, માર્ગમાં તેની સાથે એકલા ચાલવું, કુદ્રષ્ટિએ તેને જોવી વગેરેનો ત્યાગ. પોતાની સ્ત્રીનો પણ આસક્તિએ રહિત ઋતુસમે સંગ કરવો તેમાં પણ અગિયારસ, તથા તેના આગલ્યા-પાછલ્યા દિવસો, ભગવાનની જન્મ તિથિઓ તથા તેના આગળ-પાછળના દિવસો, અમાસ, શ્રાવણ માસ, શ્રાદ્ધ, તીર્થ, વ્રત, યજ્ઞ આદિક દિવસોમાં પોતાની સ્ત્રીનો ત્યાગ રાખવો. સમીપ સંબંધ વિનાની વિધવાનો સ્પર્શ ન કરવો. ।। (૫) વટલવું-વટલાવવું : ન ખપતું હોય તેનું ખાવું નહિ ને જેને ન ખપે તેને ખવરાવવું નહિ.

**ક્રમશઃ**

# શ્રીજીમહારાજની રુચિ / અભિપ્રાય / રહસ્ય વચનામૃતને આધારે

શ્રી રાજ વકીલ – અમદાવાદ

ગત અંકમાં આપણે શ્રીજીમહારાજે સમજાવેલ અનાદિ પાંચ ભેદોનું રહસ્ય કેટલાક વચનામૃતોને આધારે જોયું જે મુખ્યત્વે જ્ઞાનના સંદર્ભમાં હતું. આ અંકમાં શ્રીજીમહારાજની સ્વાભાવિક રુચિ / અભિપ્રાય વૈરાગ્ય-ભક્તિના સંદર્ભમાં કેટલાક વચનામૃતોને આધારે જોઈએ.

મહારાજે લોયાના ૧૪માં કહ્યું કે ભગવાનને વિષે ભક્તિ તો જેવી ગોપીઓને હતી તેવી ગમે છે, તે સારું અમે સૌ માણસને જોતા રહીએ છીએ જે, કોઈક કામી સ્ત્રી હોય તેને પુરુષને વિષે જેવું હેત હોય તથા કામી પુરુષને સ્ત્રીને વિષે જેવું હેત હોય તેને દેખીને એમ થાય જે, એવું હેત આપણે ભગવાનમાં હોય તો ઠીક, તથા કોઈકને પુત્રમાં, ધનમાં બહુ હેત જણાય તેને દેખીને એમ થાય જે, એવું હેત આપણે ભગવાનમાં હોય તો ઠીક, તથા કોઈક ગાતો હોય તો તેને સાંભળીને તેને પાસે કોઈ માણસને મોકલીએ અથવા અમે પંડે એની પાસે જઈએ ને જાણીએ જે એ બહુ ઠીક કરે છે. વળી એમાં જ પોતાની રુચિ જણાવતા કહ્યું કે અમારે સુવાણ તો એવા સાથે થાય છે જે, જેમાં કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ઈર્ષ્યા, દંભ, કપટ ઈત્યાદિક દોષ ન હોય ને ધર્મશાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે ધર્મ પાળતો હોય ને ભગવાનની ભક્તિએ યુક્ત હોય તે સાથે જ અમારે બેઠ્યા-ઊઠ્યાની સુવાણ થાય છે અને એવો ન હોય ને તે અમારે ભેગો રહેતો હોય તો પણ તેની સાથે સુવાણ થાય નહિ; તેની તો ઉપેક્ષા રહે છે.

સંપ્રદાયમાં ખૂબ પ્રસિદ્ધ વાત છે કે લક્ષ્મીનારાયણ દેવની સ્થાપના કર્યા બાદ દર્શને આવતા વડોદરાના શાસ્ત્રીઓએ પ્રત્યક્ષ જોયું કે લક્ષ્મીજીની સ્થાપના નારાયણની મૂર્તિની જમણી બાજુ થઈ હતી. મહારાજને તે જણાવતા મહારાજ તેઓને લઈને સિંહાસન પાસે ગયા અને શાસ્ત્રીઓની નજર સામે લક્ષ્મીજી નીચે ઉતરી અને નારાયણની મૂર્તિની ડાબે પ્રસ્થાપિત થઈ ગયા. આવું અદભુત ચરિત્ર નજર સામે જોઈને તેઓએ વડતાલના ૧૬માં મહારાજને જણાવ્યું કે તમે જો કોઈક મોટા માણસને ચમત્કાર જણાવો તો તેમાંથી ઘણો સમાસ થાય. ત્યારે મહારાજે પોતાની રુચિ જણાવતા કહ્યું કે મોટા માણસ સાથે અમારે ઝાઝું બને નહિ. શા માટે જે એને રાજ્યનો ને ધનનો મદ હોય અને અમારે ત્યાગનો ને ભક્તિનો મદ હોય, માટે કોઈ કેને નમી દે એવું કામ નથી. અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી. અમારે તો ભગવાનના ભજનનું સુખ તે જ સુખ જણાય છે ને બીજું સર્વે દુઃખરૂપ જણાય છે, માટે પરમેશ્વરનું ભજન-સ્મરણ કરતાં થકાં જેને સહેજે સત્સંગ થાય તેને કરાવીએ છીએ પણ કોઈ વાતનો અંતરમાં આગ્રહ નથી, ને આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તનો સત્સંગ રાખ્યાનો છે. એ અમારા અંતરનો રહસ્ય અભિપ્રાય છે.

મધ્યના ૫૫માં મહારાજે પોતાની રુચિ જણાવતા કહ્યું કે ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે અને વાણી તે ભગવાનના યશને જ ગાય અને હાથ તે ભગવાન કે ભગવાનના ભક્તની સેવા-પરિચર્યાને જ કરે અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે, એમ ભગવાનની ભક્તિ જાણીને જે જે ક્રિયા કરીએ છીએ તે થાય છે, પણ એ ભગવાનની ભક્તિ વિના તો અમે સર્વ પદાર્થથી ઉદાસી છીએ. જેમ કોઈક મોટો રાજા હોય ને તેને એક જ દીકરો હોય અને તે રાજા સાઠ સિત્તેર વર્ષનો થાય ને પછી તેનો દીકરો મરી જાય ત્યારે

તે રાજાનું મન સર્વ પદાર્થમાંથી ઉદાસ થઈ જાય તેમ અમારે પણ ખાતાં, પીતાં, ઘોડે ચડતાં, રાજી-કુરાજીપણામાં સર્વે કાળે મન ઉદાસી જ રહે છે.

છેલ્લાના ૧૩માં મહારાજે કહ્યું કે અમારે સ્વાભાવિક જીવમાં એવી રુચિ રહે છે જે શહેર હોય કે મેડી હોય કે રાજદરબાર હોય ત્યાં તો ગમે જ નહિ, અને વન હોય, પર્વત હોય, નદી હોય, ઝાડ હોય, એકાંત ઠેકાણું હોય ત્યાં અતિશે ગમે છે, ને એમ જાણીએ છીએ જે એકાંતમાં બેસીને ભગવાનનું ધ્યાન કરીએ તો સારું, એવી સદાય રુચિ રહે છે. અને જ્યારે અમને રામાનંદ સ્વામીનું દર્શન નહોતું થયું ત્યારે મુક્તાનંદ સ્વામી સંગાથે અમે એમ ઠરાવ કરી રાખ્યો હતો જે, મુંને રામાનંદ સ્વામીનું દર્શન કરાવો તો આપણે બે જણ વનમાં જઈને ભગવાનનું અખંડ ધ્યાન કર્યા કરશું, અને કોઈ દિવસ વસ્તીમાં તો આવશું જ નહિ એમ મનનો ઠરાવ હતો, તે હમણાં પણ મન એવું ને એવું જ વર્તે છે. અને જેને હું ભગવાનનો ભક્ત ન જાણું તે ઠેકાણે તો મુને રાખ્યાના કોટી ઉપાય કરે તો ય ન જ રહેવાય, અને ગમે તેવી અમારી શુશ્રૂષા કરે તો ય અભક્ત સંગાથે અમારે બને જ નહિ.

છેલ્લાના ૨૧માં મહારાજે કહ્યું કે અમારો મત એ છે જે ભગવાન તથા ભગવાનના એકાંતિક ભક્ત તે વિના કોઈ સંગાથે હેત કરીએ તો પણ થાતું નથી. અને અમને એમ જણાય છે જે જડભરત, શુકદેવ, દત્તાત્રેય, ઋષભદેવ ભગવાન એના સરખો અમારા જીવનો ઢાળો છે, માટે અમને પણ વન, પર્વત ને જંગલ એમાં જ રહેવું ગમે છે, પણ મોટાં મોટાં શહેર પાટણ હોય એમાં રહેવું ગમતું નથી એવો અમારો સહજ સ્વભાવ છે. તો પણ ભગવાન તથા ભગવાનના ભક્તને અર્થે લાખો માણસના ભીડામાં રહીએ છીએ પણ અમે પોતાને સ્વાર્થે કરીને લાખો માણસમાં નથી રહેતા. અને ભગવાનના ભક્તને અર્થે ગમે તેટલી પ્રવૃત્તિ કરવી પડે તો પણ અમે એને નિવૃત્તિ જાણીએ છીએ. અને ભગવાનનો જે ભક્ત હોય ને તે ગમે તેટલા વાંકમાં આવ્યો હોય તો પણ અમારે તેનો અવગુણ આવતો નથી; અમે તો એમ જાણીએ છીએ જે ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પ દોષ હોય તો પણ તે જોવા નહિ અને એ દોષ જો પોતામાં હોય તો તેને ટાળ્યાનો ઉપાય કરવો, પણ ભગવાનના ભક્તમાં એ જાતનો દોષ હોય તો પણ એ હરિજનનો અવગુણ લેવો નહિ, અને હરિભક્તનો તો અવગુણ જ્યારે મોટા વર્તમાનમાં ચૂકી જાય ત્યારે લેવો, ને બીજા અલ્પ દોષ હોય તે સારુ ભગવાનના ભક્તનો અવગુણ લેવો નહિ. અને ભગવાનના ભક્ત હોય તેને વાદવિવાદે કરીને જીતીને રાજી થાવું નહિ; એ સાથે તો હારી ને જ રાજી થાવું, ને જે વાદવિવાદે કરીને ભગવાનના ભક્તને જીતે છે તે તો પંચમહાપાપના જે કરનારા તેથી પણ વધુ પાપી છે. અને અમ આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠો જ ગમે નહિ, ને જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું તો અન્નજળ પણ ભાવે નહિ, અને દેહનો સંબંધી હોય પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લે તો તે સાથે પણ અતિશે કુહેત થઈ જાય.

મધ્યના ૫૦માં મહારાજે પોતાનો રહસ્ય અભિપ્રાય કહ્યો જે સર્વથી પર એકરસ પરિપૂર્ણ એવું જે અમારા તેજરૂપ અક્ષરબ્રહ્મ તેને વિષે તમારા આત્માને લીન કરીને તેમાં અમે તથા અમારા મુક્ત સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છીએ તેમાં અખંડ પ્રીતિ જોડી રાખો. અને જે અમારી સોબત રાખશે તેના હૃદયમાં અમારો કોઈ જાતનો જગતનો લોચો રહેવા દેવો નથી, શા માટે જે જેને અમારા જેવો અંતરનો દ્રઢાવ હોય તે સાથે જ અમારે બને છે અને જેના હૃદયમાં જગતના સુખની વાસના હોય તે સંગાથે તો અમે હેત કરીએ તો પણ થાય નહિ, માટે જે નિર્વાસનિક ભગવાનના ભક્ત હોય તે જ અમને વ્હાલા છે. **ક્રમશઃ**



ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર સ્વરૂપ સત્પુરુષના સમાગમે પમાય છે
પણ તે વિના શાસ્ત્રમાંથી પોતાની માયાકિ બુદ્ધિએ કરીને પમાતું નથી.

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દૃઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

## આત્મનિષ્ઠા

**વર-૩:** જ્ઞાન(આત્મનિષ્ઠા), વૈરાગ્ય, ધર્મ અને ભગવાનની ભક્તિ એ ચાર વાના જેમાં હોય તે એકાંતિક ભક્ત કહેવાય.

## ભગવાનનું મહાત્મ્ય

**વર-૧:** ભગવાનના સ્વરૂપને વિષે જેને દૃઢ નિશ્ચય અને અચળ મતિ થઈ ને તેમાં કોઈ જાત્યનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તો પણ નિર્વિકલ્પ સમાધિ છે અને પ્રગટ ભગવાન મળ્યા તેને જ સર્વના કારણ જાણીને પોતાને કૃતાર્થ ન માને અને ધામને વિષે ભગવાનનું સ્વરૂપ કેવું હશે અને તેનું ક્યારે દર્શન થશે એવી જાતના સંકલ્પ વિકલ્પ થતા હોય અને તે સમાધિમાં જાય તો પણ સવિકલ્પ છે માટે જેને ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય હોય ને તેને સમાધિ છે અથવા નથી તોય પણ તેને સદા નિર્વિકલ્પ સમાધિ જ છે.

**વર-૨:** વેદમાં ભગવાનનું સ્વરૂપ બહુ રીતે વર્ણવીને નારાયણે પોતે પોતાના મુખે કહ્યું છે પણ તે કોઈના સમજ્યામાં આવ્યું નહિ ત્યારે સાંખ્ય શાસ્ત્રમાં કપિલમુનિએ અને યોગ શાસ્ત્રમાં હિરણ્યગર્ભ ઋષિએ ચોવિસ તત્વ અને જીવ, ઈશ્વરથી પર ભગવાનનું સ્વરૂપ કહ્યું તો પણ સાક્ષાત્કાર ભગવાનના સ્વરૂપનું જ્ઞાન ન થયું; અનુમાન પ્રમાણે થયું. પછી પોતે વાસુદેવ ભગવાને પંચરાત્ર નામે તંત્ર કર્યુ અને કહ્યું જે શ્રીકૃષ્ણ પુરુષોતમ ભગવાન છે તે પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્ય સાકાર મૂર્તિમાન રહ્યા છે અને ચતુર્ભુજ, ચતુર્વ્યૂહરૂપે દર્શન આપે છે અને એજ ભગવાન પૂજવા યોગ્ય, ભજવા યોગ્ય અને પામવા યોગ્ય છે અને તે જ રામ-કૃષ્ણાદિક અવતાર ધારણ કરે છે. અને શીવજીએ પાશુપત શાસ્ત્ર કર્યું, તેને વિષે પણ અષ્ટભુજ-ચતુર્ભુજરૂપે કરીને શ્રી નારાયણના સ્વરૂપનું જ વર્ણન કર્યું છે. એવી રીતે ભગવાનના સ્વરૂપને સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય. એમ એ વેદાદિક પાંચ શાસ્ત્રને કરીને ભગવાનના સ્વરૂપને જાણે તેને સંપૂર્ણ જ્ઞાન કહીએ અને ભગવાનપણ એમ સમજે જ રાજી થાય છે.

**વર-૩:** અને જો મહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ હોય ને આત્મનિષ્ઠા, વૈરાગ્ય ને ધર્મ એ સામાન્યપણે હોય તો પણ એ



આજ સત્સંગમાં મોટા મુક્ત છે તેમાં કોઈ કથા-વાર્તા કરીને સુખ આપે એવા હોય અને કોઈક દર્શન માત્રે સુખ આપે એવા હોય.

**વર-૪:** યોગી યોગકળાએ કરીને બહાર રહી જે મૂર્તિ તેને નાસિકાને અગ્રે ધારે ને ત્યાંથી ભ્રૂકુટીમાં લાવીને હૃદયને વિષે મૂર્તિને ઉતારે અને અંતરને વિષે સાક્ષીરૂપ જે મૂર્તિ અને બહારની મૂર્તિ એ બેયને એક કરે. પછી ઈંદ્રિયો અને અંતઃકરણ એ સર્વેને સાંખ્ય વિચારે કરીને જુદા કરીને એકલા ચૈતન્યને વિષે જ ભગવાનની મૂર્તિ ધારે અને કોઈ વિક્ષેપ આડો આવે તો પોતાની યોગકળાનો ત્યાગ ન કરે અને મૂર્તિને ધારવાપણે કરીને સમાધાન કરે; મૂર્તિ ધારવી મૂકે નહિ.

**વર-૮:** જીવ છે તે ક્યારેક તો ભગવાનના સ્વરૂપ સાથે સંલગ્ન થઈ રહે છે ને ક્યારેક તો અંતઃકરણને વિષે રહે છે અને ક્યારેક તો અંતઃકરણ અને ભગવાન તેના મધ્યે રહે છે. જ્યારે ભગવાનના ધ્યાને કરીને વૃત્તિ નિર્ગુણ થાય છે ત્યારે અતિશે પ્રકાશેયુક્ત જણાય છે, ને ભગવાનના સ્વરૂપને આકારે થાય છે. માટે પરમેશ્વરના સ્વરૂપને વિષે વૃતિ રાખતો હોય તેને સાંખ્ય વિચારે કરીને સ્થૂળ, સુક્ષ્મ ને કારણ એ ત્રણ દેહથી પોતાનું સ્વરૂપ ન્યારુ જાણીને કેવળ આત્મરૂપ થઈને પરમેશ્વરના સ્વરૂપને વિષે વૃત્તિ રાખવી અને જ્યારે વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય એ જ ધ્યાન કરનારા યોગીની નિદ્રા છે પણ સુષુપ્તિમાં લીન થાવું એ યોગીની નિદ્રા નથી.

**વર-૧૧:** બ્રહ્મ સ્વરૂપ એવા જે સત્પુરુષ તે તો ત્રણ શરીરને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદ ઈંદ્રિયોની ક્રિયા તે પોતાને વિષે એકેય માનતા ન હોય તેને અજ્ઞાની જીવ છે તે ઓળખી શકે નહિ. એ તો જ્યારે ભગવાનના મળેલા સંત તે સંધાથ જ્યારે એને અતિશે પ્રીતિ થાય ત્યારે સત્પુરુષને વિષે દોષ ન ભાસે. માટે સત્પુરુષને વિષે દઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત દર્શન થવાનું પણ એ જ સાધન છે.

**વર-૧૭:** પંચવિષયને વિષે વૈરબુદ્ધિ કરી તેનો મનમાંથી જેને અતિશે અભાવ થઈ જાય તે જીતેન્દ્રિય કહેવાય. અને કેવળ નિવૃત્તિધર્મવાળા આત્મનિષ્ઠ ત્યાગી કરતા પરમેશ્વરે કહ્યા જે નિયમ તેમાં રહિને ભગવાન અને ભગવાનના ભક્ત સંબંધી જે પ્રવૃત્તિ માર્ગ તેને વિષે સાવધાન થઈ જોડાય એ શ્રેષ્ઠ છે ને ભગવાનની કૃપાનું પાત્ર છે.

**વર-૨૦:** ભગવાનની મૂર્તિ વિના જેટલા માયિક આકાર છે તે સર્વે અતિશે દુઃખદાયક અને નાશવંત જાણી પોતાને દેહ, ભક્ત કોઈ દિવસ ધર્મમાંથી પડે નહિ કેમ જે એ એમ વિચારે જે બ્રહ્માદિક સમગ્ર દેવ તે પણ જેમની આજ્ઞામાં રહે છે તે ભગવાનની આજ્ઞા હું થી કેમ લોપાય? એમ જાણીને ભગવાનના નિયમમાં રહે અને અતિશે મહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ ભગવાનને વિષે હોય તો એક ભક્તિને વિષે જ્ઞાનાદિક ત્રણે આવી જાય એવી અસાધારણ ભક્તિ મોટા પુરુષની સેવા થકી આવે છે.

**વર-૫:** જેને પરમેશ્વરને યથાર્થપણે કરીને પરમેશ્વર જાણ્યા જે એ ભગવાનના સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિકભાવ નથી અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે. એવો જેને ભગવાનનો દઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂક્યો છે. અને પોતામાં તો માયાના ગુણનું કાર્ય જે ભૂત, ઈંદ્રિયો, અંતઃકરણ ને દેવતા તે પોતપોતાની ક્રિયાને વિષે પ્રવર્તે છે તો પણ એ માયાને તર્યો કહેવાય. અને જેને ભગવાનનો દઢ આશરો છે તે તો જે ભગવાનની મરજી હોય તે પ્રમાણે જ વર્તે અને સુખ દુઃખના દેનારા ભગવાન સિવાય બીજાને ન જાણે. એવા ઉત્તમ ભક્ત થવાનું કારણ તો જેમ ભગવાનની સેવા કરે છે તેવી જ ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સેવા કરે.

**વર-૬:** જ્યારે ભગવાન એવો સંકલ્પ ધારીને પ્રગટ થાય છે જે આ દેહે કરીને તો પાત્ર-કુપાત્ર જે જે જીવને મારી મૂર્તિનો યોગ થાય તે સર્વેનું કલ્યાણ કરવું છે ત્યારે કાળ-કર્મનું કાંઈ સામર્થ્ય રહે નહિ; એકલું પરમેશ્વરનું જ સામર્થ્ય રહે છે.

**વર-૭:** ભગવાન અર્ધાંક માયાને વિષે અન્વય થયા છે ને અર્ધાંક પોતાના ધામને વિષે વ્યતિરેક રહ્યા છે એમ નથી, ભગવાન તો માયામાં આવે ત્યારે માયા પણ અક્ષરધામરૂપ થઈ જાય છે. અને ચોવિશ તત્વને વિષે આવે (ગ્રહણ કરે) તો ચોવિસ તત્ત્વ પણ બ્રહ્મરૂપ થઈ જાય છે.

**વર-૧૨:** અનંતકોટી સૂર્ય, ચંદ્રમા અને અગ્નિ તે સરખું પ્રકાશમાન એવું જે અક્ષરધામ તેને વિષે પુરુષોત્તમ ભગવાન સદા દિવ્ય મૂર્તિ થકા વિરાજમાન છે અને તે જ ભગવાન જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે રામ-કૃષ્ણાદિક અવતારનું ધારણ કરે છે. ત્યારે તે ભગવાનના સ્વરૂપનો જેને સંત-સમાગમે કરીને દઢ નિશ્ચય થાય છે એને ઈંદ્રિયો અંતઃકરણ નિશ્ચયમાંથી ડગાવવાને સમર્થ નથી થતાં, અને પરમેશ્વર ગમે તેવા ચરિત્ર કરે તોપણ તેને કોઈ રીતે

ઈંદ્રિયોને અંતઃકરણ તે થકી નોખો આત્મારૂપે જાણે તેના હૃદયમાંથી કામાદિકનું બીજ નાશ પામી જાય છે. આવી સમજણ હોય તો પણ કોઈ પ્રકારે કુસંગ તો કરવો જ નહિ.

ભગવાનનો વિષે દોષ ભાસતો નથી અને એમ સમજે છે જે મુને આ ભગવાન મળ્યા તે દિવસથી જ મારું કલ્યાણ થઈ ચુક્યું છે અને મારું દર્શન કરશે કે મારી વાર્તા સાંભળશે તે જીવ સર્વે પાપ થકી મુકાઈને પરમપદને પામશે. માટે એવી રીતે ભગવાનનો મહિમા સહિત નિશ્ચય રાખીને પોતાને વિષે કૃતાર્થપણું માનવું.

**વ૨-૧૩:** ભગવાન અરૂપ થકા વ્યાપક નથી. ભગવાન તો સદા મૂર્તિમાન જ છે અને અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટી બ્રહ્માંડમાં એકરૂપ થકા અનંતરૂપે ભાસે છે.

**વ૨-૧૮:** ભગવાન તો નિર્ગુણ છે અને તેમના સંબંધને પામે તે પણ નિર્ગુણ થઈ જાય છે. અને તેમના જન્મથી મૃત્યુ પર્યંતની સર્વે લીલા તેણે કરીને એ સ્વરૂપને વિષે ઉપાસના ભેદ ન કરવા. અને તેમના આચરણ પ્રમાણે તેમના ભક્તોએ આચરણ ન કરવું.

**ક્રમશઃ**

# કેળવણી

## શિક્ષકદિનની ઉજવણી

### તારીખઃ ૦૪-૦૯-૨૦૨૫, ગુરૂવાર

પ્રથમ ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જન્મદિવસ નિમિતે તારીખ : ૫ સપ્ટેમ્બરના રોજ સમગ્ર ભારતમાં ‘ શિક્ષકદિન’ ની ઉજવણી કરવામાં આવે છે. તે દિવસે જે-તે વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ પોતાનો ધોરણ કે તેનાથી નીચેના ધોરણમાં શિક્ષક બની શિક્ષક બન્યાનો એક દિવસીય આનંદ અનુભવે છે.

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા-બળદિયામાં તા. ૦૫-૦૯-૨૦૨૫ ને શુક્રવારના જાહેર રજા હોવાના કારણે તા. ૦૪-૦૯-૨૦૨૫ ને ગુરુવારના રોજ શિક્ષકદિનની ઉજવણી શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.અમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેનું સમગ્ર સંચાલન શાળાના શિક્ષક શિક્ષિકાઓએ કર્યું હતું. શિક્ષકદિનની ઉજવણીમાં ધોરણ -૬ થી ૧૦ ના એમ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમા ૪૦ શિક્ષકો,તથા પ્રાથમિક અને માધ્યમિક માંથી ૨ પ્રિન્સિપાલ, ૨ વાઈસ પ્રિન્સિપાલ, ૧ કલાર્ક અને ૫ વિદ્યાર્થીઓએ સેવક તરીકેની કામગીરી બજાવી હતી. માધ્યમિક વિભાગમાંથી આહીર આર્યન તથા જાડેજા હરપાલ પ્રિન્સિપાલ અને પ્રાથમિક વિભાગમાંથી રાઠોડ કુલદીપ તથા બાંભણિયા પાર્થે પ્રિન્સિપાલ બની સમગ્ર દિવસનું સંચાલન સાથે મળીને ખૂબ જ સરસ રીતે કર્યું હતું. દરેક વિદ્યાર્થીએ પોતાના શિક્ષક તરીકેની જવાબદારી ખૂબ જ સારી રીતે બજાવી હતી. સેવક ભાઈઓએ પણ ખૂબ જ જવાબદારી પૂર્વક કાર્ય કર્યું હતું. ત્યારબાદ શાળાના ગુરુજનો તરફથી તમામ વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવ્યો હતો. ૮ તાસ લીધા પછી ૧૨ વાગ્યે શિક્ષકદિન નિમિત્તે પ્રાર્થનાહોલમાં એક દિવસના શિક્ષકોનો અનુભવ કેવો રહ્યો

તે માટે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ બનેલ આહીર આર્યન તથા જાડેજા હરપાલ અને પ્રાથમિક વિભાગના પ્રિન્સિપાલ રાઠોડ કુલદીપ તથા બાંભળીયા પાર્થે પોતાના અનુભવો કહ્યા હતા. તથા પ્રાથિમક અને માધ્યમિક વિભાગના બનેલા શિક્ષકોએ પોતાના શિક્ષક બનવાના અનુભવો રજૂ કર્યા હતા. શિક્ષકદિનને અનુરૂપ શાળા આચાર્યશ્રી ર્ડા. એસ.એમ. પટેલ સાહેબે પોતાના વિચારો રજૂ કર્યા હતા અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને શાબાસી આપી હતી. તથા દરેક વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ફૂલસ્કેપનું વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અંતે સમય પૂર્ણ થતા કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

## '' શ્રી ઘનશ્યામ એકેડમી - (અંગ્રેજી માધ્યમ) બળદિયા મધ્યે શાળા C.C.A વિભાગ દ્વારા સુલેખન સ્પર્ધા' નું આયેજન કરાયું.''

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી - બળદિયા ખાતે તારીખઃ- ૩૦ ઓગસ્ટ ૨૦૨૫, શનિવાર રોજ શાળાના આચાર્ય શ્રીમતી શુભાંગી એસ જોષીના માર્ગદર્શન હેઠળ શાળાના ઈ.ઈ.અ એ વિભાગ અને એક્સલેન્સ હાઉસ દ્વારા આયાજીત ' સુલેખન સ્પાર્ધા' ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાન છે  આ કોન્સેપ્ટ આધારિત શાળાના ધોરણ ૧ થી ૯ માં અભ્યાસ  કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો માટે ત્રણેય ભાષા અનુક્રમે અંગ્રેજી, હિન્દી અને ગુજરાતીમાં ' સુલેખન સ્પાર્ધા ' નું આયોજન કરાયુ હતું. એક્સલેન્સ હાઉસના નેતૃત્વમાં શાળાના પ્રાર્થનાખંડમાં આ સુલેખન સ્પર્ધામાં હોશભેર ભાગ લઈ વિદ્યાર્થી ભાઈ - બહેનોએ પોતાનો લેખન કૌશલ્ય ખીલવ્યું હતું.

આ ' સુલેખન સ્પર્ધા ' ને સફળ બનાવવા શાળાના એક્સલેન્સ હાઉસના હાઉસ હેડ રાઘવાણી દક્ષા કો-ટીચર્સ ચૌચેટા દેવરાજ, હિરાણી મયૂરી અને ભુડિયા હેતલ અને શાળાના અન્ય શિક્ષક મિત્રોનો સહયોગ સાંપડયો હતો.

**શ્રી અબજીબાપા એજ્યૂકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમીના પ્રાર્થના ખંડમાં સંસ્થાના પ્રમુખ તથા ટ્રસ્ટીના હસ્તે ટ્રોલી બેગનું વિતરણ કરવામાં આવ્યું.**

તારીખ ૨૬/૯/૨૦૨૫ ને શુક્રવારના રોજ શાળાના પ્રાર્થનાખંડમાં ટ્રસ્ટી શ્રી કલ્યાણભાઈ વેકરીયા ના માર્ગદર્શન હેઠળ શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી એવં પાટોત્સવ મહોત્સવમાં શાળાના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો તે દરમિયાન દાતાશ્રીઓ દ્વારા જે દાન આપવામાં આવેલ તેમના પ્રતિક રૂપે કાર્યક્રમમાં ભાગ લીધેલ બધા જ વિદ્યાર્થીઓને એક ટ્રોલી બેગ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત અંગ્રેજી માધ્યમના શિક્ષક શ્રી વિજયભાઈ ડોડીયા દ્વારા શાબ્દિક સ્વાગતથી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગોવિંદભાઈ વેકરીયા, તેજબા ગોવિંગભાઈ વેકરીયા, ટ્રસ્ટીશ્રી કલ્યાણભાઈ વેકરીયા અગ્રેજી માધ્યમના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોષી, ગુજરાતી માધ્યમના આચાર્ય શ્રી ર્ડા. એસ.એમ. પટેલ સાહેબ બંને માધ્યમના શિક્ષકો તથા બંને માધ્યમના વિદ્યાર્થીઆની ઉપસ્થિતિ રહી હતી. સૌ પ્રથમ આ ટ્રોલી બેગને શાના માટે આપવામાં આવે છે તેમની વાત તથા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન તથા સુંદર કાર્યક્રમ બદલ શાળાના ટ્રસ્ટી શ્રી કલ્યાણભાઈ વેકરીયા એ પોતાના શબ્દોમાં અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ અંગ્રેજી માધ્યમના આચાર્ય શ્રીમતી શુભાંગીબેન જોષી અને ગુજરાતી મીડીયમના આચાર્ય ર્ડા. એસ. એમ. પટેલ દ્વારા બંને માધ્યમના વિદ્યાર્થીઓના નામ બોલવામાં આવેલ જેમને પ્રમુખશ્રી ગોવિંદભાઈ વેકરીયા, તેજબા ગોવિંદભાઈ વેકરીયા તથા ટ્રસ્ટીશ્રી કલ્યાણભાઈ વેકરીયા ના હસ્તે ટ્રોલી બેગનુ વિતરણ કરવામાં આવેલ ત્યારબાદ સંસ્થાના પ્રમુખશ્રી ગોવિંદભાઈ વેકરીયા દ્વારા બંને માધ્યમના વિદ્યાર્થીઓને આશીર્વચન આપ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અંગ્રેજી માધ્યમના શિક્ષક શ્રી વિજયભાઈ ડોડીયા દ્વારા

કરવામાં આવ્યું હતું. આમ આ કાર્યક્રમ નો મુખ્ય હેતુ સંસ્થા દ્વારા કરવામાં આવતા ઉત્સવો માં વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ભાગ લે અને વિદ્યાર્થીની અંદર રહેલું કૌશલ્ય બહાર આવે તે રહ્યો હતો.

## નવરાત્રી ઉજવણી

શ્રી ઘનશ્યામ એકેડમીમાં તા. ૨૭-૦૯-૨૦૨૫ ના રોજ નવરાત્રી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું માર્ગદર્શન શાળાની આચાર્ય શ્રીમતી શુભાંગી બહેન જોષી દ્વારા આપવામાં આવ્યું.

કાર્યક્રમ શરૂઆતમાં બાળકોને નવરાત્રી ઉજવવાનો હેતુ અને ધાર્મિક મહત્ત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા.હિંદુ તહેવારોના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વને સમજાવવા માટે આ અવસર બાળકો માટે ખૂબ જ પ્રેરણાદાયી રહ્યો.

K.G.વિભાગના વિદ્યાર્થીઓએ ગરબા રમ્યા અને પોતાની ખૂશી વ્યક્ત કરી. વિદ્યાર્થીઓએ પોતાના મનપંસદ વેશભૂષા ધારણ કરી, જેનાથી સમગ્ર કાર્યક્રમ રંગીન અને આનંદમય બની ગયો. આ ઉજવણીનો મુખ્ય હેતુ એ રહ્યો કે બાળકોને આપણા તહેવારોનું મહત્ત્વ સમજાય, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર ઉત્પન્ન થાય અને પરંપરાગત મૂલ્યોની અનુભૂતિ થાય.

આ રીતે શાળામાં યોજાયેલી નવરાત્રીની ઉજવણી બાળકો માટે યાદગાર ક્ષણો બની રહી.

## ગુરૂજી એવોર્ડ

ભૂજ કચ્છ શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળા બળદિયાના શિક્ષિકાને રાજય કક્ષાનો ગુરૂજી એવોર્ડથી સન્માનિત કરાયા.

તા. ૨૧-૯-૨૦૨૫ નાં રોજ હોટલ રિજન્ટામાં ભારતીય માનવ સમાજ સેવા સંસ્થા દિલ્હી (ઓલ ઈન્ડિયા) પ્રેરિત સ્વયંસિધ્યા ગુજરાત ટીમ દ્વારા ગુરુજી શિક્ષક શ્રેષ્ઠતા એવોર્ડ યોજાઈ ગયો.

ગુજરાત જિલ્લાના તેમજ અલગ - અલગ રાજયોમાંથી ૨૪૦ જેટલી અરજી આવી હતી જેમાંથી ૯૦ જેટલા શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી. શ્રી અબજીબાપા એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળાના શિક્ષિકા શ્રીમતી જીનીબેન મહેતાની પસંદગી કરવામાં આવી હતી. અને આ પ્રસંગે તેમને એવોર્ડ અને સન્માન પત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ સન્માન અને એવોર્ડ માટે શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળાના પ્રમુખશ્રી, ટ્રસ્ટીશ્રી તેમજ શિક્ષણના માર્ગદર્શક શ્રી કલ્યાણ સાહેબ, શાળાના આચાર્યશ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબ સર્વે શિક્ષકોએ શુભેચ્છા અને અભિનંદન પાઠવેલ છે.

શિક્ષક શ્રેષ્ઠતા કાર્યક્રમમાં ઉપસ્થિત ભુજ ધારાસભ્ય શ્રી કેશુભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ પારૂલબેન કારા, ગુજરાત રાજય પ્રા.શિ.સંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજા, સંસ્થાના પ્રમુખશ્રી રૂપાલીબેન મોરબીયા, ઉપપ્રમુખ મમતાબેન ભટ્ટ, ડાયટ પૂર્વ આચાર્યશ્રી સંજયભાઈ ઠાકર, ની ઉપસ્થિતિમાં ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલના હસ્તે આ ગુરુજી શિક્ષક શ્રેષ્ઠતા રાજય કક્ષાનો અવોર્ડ એનાયત થયો હતો.

## મૂર્તિ સુખે સુખી થયા

- બાપાશ્રીના કૃપાપાત્ર ડૉ. મણિલાલભાઈ આદેશરાના પૌત્ર ડૉ. નવીનભાઈ લાભચંદ્રભાઈ આદેશરા, ઉ.વ. ૮૪. તા. ૧૬-૯-૨૦૨૫ ના દિલ્હી મુકામે મૂર્તિ સુખે સુખી થયા છે.

- ગામ બળદિયાના શ્રી રવજીભાઈ કાનજીભાઈ કેશરા વેકરીયા ,ઉ.વ. ૮૬. તા. ૨૪-૯-૨૦૨૫ના લંડન મુકામે મૂર્તિ સુખે સુખી થયા છે.


**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**




શ્રી સ્વામિનારાયણ પ્રા. તથા મા. શાળામાં શિક્ષક દિનની ઉજવણી














શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દિ મહોત્સવ
પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમમાં
ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ










રાજ્ય કક્ષાના ગુરૂજી એવોર્ડથી માનનીય ધારાસભ્ય
શ્રી કેશુભાઈ પટેલ દ્વારા સન્માનિત આપણી
શ્રી સ્વામિનારાયણ માધ્યમિક શાળાના શિક્ષિકા
શ્રી મતિ જીનીબેન મહેતા

MURTI
OCTOBER 2025
Year - 22 : Issue - 10

Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025

# શ્રી અબજીબાપાશ્રીનો પ્રાગટ્ય દિન તથા દિવાળી સમુહમિલન

# Shri Abjibapashri Pragtiya Din & Diwali Celebrations

## નિમંત્રણ
૧-૧૧-૨૦૨૫



Log on to:
www.abjibapanichhatedi.org
for news, photos & much more...



## Invitation
1-11-2025

Devotees of Shri Abjibapashri's Chhatri and Shri Hanumanji's Mandir are cordially invited to celebrate His Holiness Abjibapashri's Pragtiya Din and Diwali on Kartik Sud Dasam - **Saturday 1st November 2025.** Celebration will take place from 4.30pm to 9.30pm. All devotees are cordially invited to participate in this auspicious occasion.

## Programme

| | |
|---|---|
| 4:30pm to 6:45pm: | Aarti, Offerings to Lord Shree Swaminarayan Bhagwan, Katha Varta & Kirtan Bhakti & Kirtan-Dhun |
| 6:45pm to 7:15pm | Pragtiya Din Aarti |
| 7:00pm to 8:00pm: | Prasad in form of dinner |
| 8:00pm to 9:15pm: | Rass |

Donor for this event:
Late Naranbhai Kuvarji Varsani, Late Radhaben Naranbhai Varsani,
Late Samjibhai Naranbhai Varsani, Haste; Jemini & Disha Devraj Varsani & Family,
Dilan & Bhavin Ramesh Varsani & Family, Devan & Utam Vinod Varsani & Family,
Krisha & Mahima & Dharak Suresh Varsani & Family - Gaam Kera




**સ્થળ - Venue**
Queens Park Community School
Aylestone Avenue, London NW6 7BQ
(Nearest Tube Station: Willesden Green / Buses: 6, 52, 98, 187, 260, 266 & 302)




**-: Publisher :-**
Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria